ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેકનીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫

સમક્ષ

કેસ નં.૧૦૨/૨૦૧૬

અરજદાર : શ્રી રામદીન કનૈયાલાલ પાસી તથા અન્ય
૮/બી, જાનકીધામ સોસાયટી
ગોવિંદપાર્ક પાસે, કેનાલ પાસે, સમા. વડોદરા.

રજૂઆત કરનાર: શ્રી રામદીન કનૈયાલાલ પાસી
શ્રી એ.ઝેડ.રોહીત, વિધ્વાન એડવોકેટ.

વિરૂધ્ધ

સામાવાળા: નાયબ ઇજનેર,
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ
સરદાર એસ્ટેટ પેટા-વિભાગીય કચેરી,
આજવારોડ, વડોદરા-૩૯૦૦૧૯

રજૂઆત કરનાર: શ્રી ડી.સી.કૌશિક,નાયબ ઇજનેર,
એમજીવીસીએલ, સરદાર એસ્ટેટ પેટા-વિભાગીય કચેરી,
આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.

::રજૂઆત ::

૧.૦. અરજદાર, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ,વડોદરાના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના કેસ નં. MG-I-09-2016-17 ના હુકમ ક્રમાંક ૧૮૧ તા.૧૬.૦૭.૨૦૧૬ થી અપાયેલ ચુકાદાથી નારાજ થઇ અત્રે રજૂઆત કરેલ છે. જે રજૂઆતને આ કચેરીએ કેસ નં.૧૦૨/૨૦૧૬ થી નોંધેલ છે.સદર કેસની સૂનાવણી તા.૦૮.૦૯.૨૦૧૬ના રોજ રાખવામાં આવી, જેમાં અરજદારે મુદત માંગેલ. સદર કેસની બીજી સુનાવણી તા.૨૨.૦૯.૨૦૧૬ના રોજ રાખવામાં આવી.

૨.૦. સુનાવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧. અરજદાર અન્ય ૨૧ ઇસમોના કુલમુખત્યાર છે, જેના આધારે હાલની વિવાદ અરજી દાખલ કરેલ છે.

વીજ જોડાણ લેનારની યાદી નીચે મુજબ છે.

અ. નં.	નામ	સરનામુ
૧.	કનુભાઈ જેઠાભાઈ રોહિત	૨૬૧-શીવનગર, આજવા રોડ, વડોદરા
૨.	ઠાકોરભાઈ જાદવભાઈ રોહિત	૨૬૦-શીવનગર, આજવા રોડ, વડોદરા
૩.	રતનલાલ મગનીરામ મીસ્ત્રી	૫૧-શીવનગર, આજવા રોડ, વડોદરા
૪.	છીગાલાલ રામેશ્વરલાલ લોહાર	૫૫-શીવનગર, આજવા રોડ, વડોદરા
૫.	દિનેશ માંગીલાલ લોહાર	૫૨-શીવનગર, આજવા રોડ, વડોદરા
૬.	વિનોદ માંગીલાલ લોહાર	૫૪-શીવનગર, આજવા રોડ, વડોદરા
૭.	ઈશ્વરભાઈ જયરામદાસ પરમાર	૧૦૫/૧૦૬-શીવનગર, આજવા રોડ, વડોદરા
૮.	અમરસિંહ રામપ્રસાદ રાજપુત	૨૬૯-શીવનગર, આજવા રોડ, વડોદરા
૯.	જયેન્દ્ર ચંપકભાઈ રાઠવા	૨૪૫-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૦.	શંકરભાઈ દલપાભાઈ રાઠવા	૧૯૧-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૧.	આશાદેવી સુજારામ જાટ	૩૫-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૨.	અર્જુનભાઈ ભવાનભાઈ રાઠવા	૨૪૬-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૩.	ગીરીશભાઈ રણછોડભાઈ મકવાણા	૩૮-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૪.	રાજેશકુમાર ગોવિંદપ્રસાદ ગુપ્તા	૪૩-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૫.	ખોડાભાઈ ગભરુભાઈ ભરવાડ	૮૯,૯૦-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૬.	શ્રીરામ વર્મા મીઠાઈલાલ વર્મા	૪૦-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૭.	કમલભાઈ ગોવિંદભાઈ અગ્રવાલ	૪૨-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૮.	મણીલાલ નારણભાઈ પરમાર	૩૯-શીવનગર, આજવા રોડ, વડોદરા
૧૯.	ઓમપ્રકાશ ખેમરાજ લુહાર	૫૩-શીવનગર, આજવા રોડ, વડોદરા
૨૦.	પ્રહલાદ બંસીલાલ શર્મા	૨૯૧-શીવનગર, આજવા રોડ, વડોદરા
૨૧.	રમેશ દિલીપભાઈ શર્મા	૧-શીવનગર, આજવા રોડ, વડોદરા

૨.૨. અરજદારે તા.૨૫.૦૮.૨૦૧૫ ના રોજ સામાવાળા નાયબ ઇજનેર, સરદાર એસ્ટેટ, વડોદરાને સરવે નં.૧૫(ક) વાળી જમીનમાં આવેલ મકાનોમાં ઘરવપરાશના વીજ જોડાણ મેળવવા અરજી કરેલ. સામાવાળા નાયબ ઇજનેરના જણાવ્યા અનુસાર અમો અરજદાર પાસે પાવર ઓફ એટર્ની તથા આઇ.ડી. પ્રુફ વગેર માંગેલ જે અરજદારે ૨૦.૧૦.૨૦૧૫ ના રોજ રજૂ કરેલ. ત્યાર બાદ સામાવાળાએ પત્ર નં.૫૪૯૫ તા.૨૧.૧૦.૨૦૧૫ ના રોજ અરજદારને જણાવેલ કે અરજદારના વીજ જોડાણની માંગણીવાળી જમીન ટાઇટલ ક્લીયર ન હોવાના કારણે અરજદારને વીજ જોડાણ આપી શકાય તેમ નથી. જેથી અરજદારે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ તા.૨૦.૧૧.૨૦૧૫ ના રોજ વિવાદ અરજી દાખલ કરેલ. ફોરમ ધ્વારા અરજદારને સાંભળ્યા વગર તા.૩૦.૧૧.૨૦૧૫ ના રોજ સદર અરજીનો ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો ન હોઇ, સદર અરજી નોંધવામાં આવેલ નહોતી જે અંગેની જાણ પત્ર ધ્વારા અરજદારને કરવામાં આવેલ. તેથી અરજદારે નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ સદર ફરિયાદ દાખલ કર્યા બાદ વિદ્યુત લોકપાલ ધ્વારા તા.૦૪.૦૬.૨૦૧૬ ના રોજ પત્ર ધ્વારા કન્વીનરશ્રી ફોરમને અરજદારની રજૂઆત સાંભળીને યોગ્ય હુકમ કરવા જણાવેલ,

જે અન્વયે ફોરમ ધ્વારા અરજદારની ફરિયાદ નોંધી તા.૩૦.૦૬.૨૦૧૬ના રોજ સુનાવણી રાખી તા.૧૬.૦૭.૨૦૧૬ના રોજ હુકમ કરી અરજદારની સદર ફરિયાદ નામંજૂર કરેલ છે.

૨.૩. ફોરમના હુકમ અન્વયે નોંધ કરવામાં આવેલ છે કે રજૂ કરેલ વેચાણ કરાર માન્ય વેચાણ કરાર નથી. આકારણી થયેલ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટમાં, સચિવશ્રી, ગાંધીનગર તેમજ કલેક્ટરશ્રી, વડોદરા ખાતે સદર જમીન અંગેની તકરાર ચાલુ છે, જેના પરિણામ આવેલ નથી, જેથી વીજ નિયમન આયોગ સપ્લાય કોડ સેક્શન-૪, પેટા સેક્શન ૪.૧૬ તથા ૪.૧૭ મુજબ નવું વીજ જોડાણ આપી શકાય નહીં તેમ જણાવી અરજદારની અરજી નામંજૂર કરતો હુકમ કરેલ છે.

૨.૪. ફોરમનો હુકમ ખોટો અને ગેરકાયદેસર છે. અરજદારે રજૂઆત તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જેના પરથી સ્પષ્ટ થાય છે કે તમામ કોર્ટમાં કેસો ઝડપથી ચલાવવા અરજદારે લેખિતમાં રજૂઆત કરેલ છે, પરંતુ કોર્ટમાં કેસોના વધુ ભારણને કારણે અરજદારના કેસ ચાલી શક્યા નથી, જેના કારણે અરજદારને વીજ જોડાણ ન અપવાનો નિર્ણય ખોટો અને ભૂલ ભરેલો છે.

૨.૫. અરજદારે સદર વીજ જોડાણની માંગણીવાળી જગ્યા રૂ.૧૦૦/-ના સ્ટમ્પ પેપર પર વેચાણ લીધેલ છે આ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ, સચીવશ્રી, ગાંધીનગર, કલેક્ટરશ્રી, વડોદરા વગેરે કોર્ટમાં વિવાદ ચાલુ છે જે વિવાદનો નિકાલ થવામાં સમય લાગે તેમ છે.

૨.૬. અરજદાર ગરીબ, આદિવાસી તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઇસમો છે. ઘર વપરાશના વીજ જોડાણ વગર અસહ્ય યાતનાઓ ભોગવવી પડે છે.

૨.૭. નામદાર સરકારશ્રી ધ્વારા ગુજરાત રાજ્યમાં કોઇપણ ઘર વીજળી વગર ન રહે તે માટે વિવિધ પરિપત્રો જારી કરેલ છે તેમ છતાં સામાવાળા ધ્વારા અરજદારના વીજ જોડાણ નામંજૂર કરેલ છે.

૨.૮. અરજદારે સામાવાળાને સોગંદનામાથી એવી જાહેરાત કરેલ છે કે કોઇપણ સંજોગોમાં વિવિધ કોર્ટના ચુકાદા અમો અરજદાર વિરૂધ્ધ આવે તો વિના તકરારે અરજદારને આપવામાં આવેલ વીજ જોડાણ પરત કરી દેવામાં આવશે. સામાવાળા ધ્વારા સદર સોગંદનામાની હકીકતને ધ્યાનમાં લીધા વગર વીજ જોડાણ આપેલ ન હોઇ, ફોરમનો હુકમ રદ્ થવાને પાત્ર છે.

૨.૯. સામાવાળા નાયબ ઇજનેર ધ્વારા શરૂઆતમાં અરજદારની સદર વીજ જોડાણ મેળવવાની અરજી સ્વિકારવામાં આવેલ નહોતી. ફોરમ ધ્વારા પણ સદર ફરિયાદમાં યોગ્ય ન્યાયિક નિર્ણય લેવામાં આવેલ નથી. અરજદાર સેક્શન ૪૩, ઇલેક્ટ્રીસીટી એક્ટ,૨૦૦૩ મુજબ વીજ જોડાણ મેળવવા પાત્રતા ધરાવે છે.

૨.૧૦. અરજદારે સુનાવણી દરમ્યાન તા.૨૨.૦૯.૨૦૧૬ ના રોજ રજૂઆત કરી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા.

(૧) કલેક્ટરશ્રી, વડોદરા સમક્ષ The Gujarat Regularization of Unauthorized Development Act,2011 મુજબ અરજદારના પ્લોટ/પ્લીન્થ /મકાનો નામદાર સરકાર ધ્વારા ઘડવામાં આવેલ સ્કીમ મુજબ રેગ્યુલરાઇઝ્ડ કરવા બાબતની તા.૦૪.૧૦.૨૦૧૪ ની અરજીની નકલ.

(૨) કલેક્ટરશ્રી, વડોદરા ધ્વારા અરજદારની તા.૦૪.૧૦.૨૦૧૪ ની અરજી નામંજૂર કરતો તા.૨૧.૧૧.૨૦૧૪ નો હુકમ.

(૩) નામદાર વડી અદાલત, અમદાવાદ, ગુજરાત ધ્વારા SCA No.9527/2014 તથા SCA No.9544/2014 નો તા.૧૪.૦૭.૨૦૧૪ નો હુકમ.

(૪) SCA No.9527/2014 with Civil Application No.9006/2014 in LPA No.874/2014 નો નામદાર વડી અદાલત, અમદાવાદનો તા.૨૬.૦૯.૨૦૧૪ નો હુકમ.

(૫) ગુજરાત રાજ્ય, મહેસુલ સચિવ/ડેઝીગ્નેટેડ ઓથોરીટી, કમીશ્નર, સચિવાલય, ગાંધીનગર સમક્ષ તા.૦૭.૦૧.૨૦૧૫ના રોજ દાખલ કરવામાં આવેલ અપીલની નકલ.

અરજદારે જણાવેલ કે સદર જમીનને લગતી અપીલ નામદાર કલેક્ટરશ્રી, વડોદરા સમક્ષ હાલમાં પડતર છે, જેની વહેલી સુનાવણી કરવા અરજદારે કલેક્ટરશ્રી, વડોદરાને રજૂઆત પણ કરેલ છે.

૨.૧૧. અરજદારે જણાવેલ કે વીજળી જોડાણ મેળવવા અંગે તેઓએ સામવાળાને સદર જમીનની વિવાદની ફરિયાદ અંગે જરૂરી બાંહેધરી આપેલ છે તેમજ અરજદાર જે તે નિયત ચાર્જ ભરવા પણ સંમત છે.

૨.૧૨. સુનાવણીના અંતે અરજદારે નીચે મુજબ વિનંતી કરી.

ફોરમનો હુકમ રદ કરવો તથા અરજદારના મોજે સયાજીપુરા, તા.-જી.વડોદરાના રેગ્યુલર સરવે નં.૧૫(ક) માં આવેલ અરજદારના પ્લોટના મકાનોમાં માંગવામાં આવેલ વીજ જોડાણ મંજૂર કરવા સામાવાળાને હુકમ કરવો.

3.0. સુનાવણી દરમ્યાન સામાવાળાએ નીચે મુજબ રજૂઆત કરી.

3.1. Appellant has given an application on behalf of 21 No. of applicants for residential connections in Survey No. 15-K, Sayajipura and submitted following documents along with A-1 form on 07.09.2015.

(1) Sale agreement on Rs. 100 stamp paper.

(2) I.D. proof.

(3) Vij connection agreement on Rs. 100 stamp paper.

(4) Affidavit on Rs. 20 stamp paper.

As per documents submitted it shows that there are many court cases are going on.

3.2. Appellant was asked to submit Power Of Attorney which was submitted by him on 20.10.2015.

He was also asked to submit following documents vide letter dated 21.06.2015

1. NOC from Local body.
2. 7.12 , 8A utara
3. NOC from land owner on Rs. 100 stamp paper.
4. Details of Court cases.
5. Tax receipt of Gram Panchayat and Akarani Patrak.
6. Layout plan and
7. N.A. permission.

Again vide letter dated 26.11.2015, appellant was asked to submit above documents, but Respondent had not received any reply from Appellant.

3.3. Appellant had applied before CGRF. Respondent had received letter dated 01.12.2015 from CGRF which clearly shows that court matter is pending and hence Forum has not registered the case. Thereafter on 31.12.2015, notice from Advocate was received by Respondent on behalf of Appellant, which was replied on 03.01.2016 by Respondent through his panel advocate.

3.4. Again Appellant has applied on 23.03.2016 for getting connection and submitted documents which was handed over to Panel Advocate by Respondent company. Panel Advocate has clarified that court case is made by appellant to regularizing the plotting of land hence electric connection cannot be given. Accordingly Appellant was replied by Respondent on 05.05.2016.

3.5. It is submitted that previously 8 No. of applications were registered on 07.03.2014 for getting lighting connections. An objection letter

form Talati Sayajipur Gram Panchayat was received on 27.03.2014 hence Respondent has cancelled the application.

3.6. It is submitted that as per the Circular No. 70-A dated 23.02.2016 of Respondent company, regarding ease of doing business, one of the following document is required for proof of ownership or occupancy of premises.

(1) City Survey/property card for urban area.

(2) Latest municipal tax receipt or demand notice or akarani patrak.

(3) Registered sale deed or cop of index.

(4) Allotment/possession letter of GIDC.

(5) 7/12, 8A Utara and 6-C Hakk Patrak of land having name of applicant and pedhinama if applicant is a legal heir in direct succession.

(6) Ownership certificate issued by village level Govt. functionary for gamtal area.

3.7. Respondent stated that he has not denied for getting applications from Appellant as argued by Appellant during course of hearing. Appellant has not submitted required documents along with applications, hence applications have not been registered. The action of Respondent for processing of applications is as per regulations.

::::**<u>ચુકાદો</u>** ::::

૪.૦. સૂનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાએ કરેલ રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદાર તથા અન્યોએ વીજ જોડાણ મેળવવા અર્થે પેરા નં.૩.૧ માં દર્શાવ્યા મુજબ અરજી કરી અને દસ્તવેજી પુરાવા રજૂ કર્યા. અરજદાર સરવે નં.૧૫-K, સયાજીપુરા ખાતે પ્લોટમાં ઘરવપરાશના વીજ જોડાણ મેળવવા માંગે છે.

૪.૨. અરજદારના જણાવ્યા મુજબ તેમજ રજૂ કરેલ દસ્તાવેજો અનુસાર સરવે નં.૧૫-K, સયાજીપુરાની જમીનને લગતો વિવાદ જે તે સક્ષમ અધિકારી સમક્ષ પડતર છે. સદર સરવે નં.૧૫-K માં અરજદાર તથા અન્ય, વીજ જોડાણ મેળવવા માંગે છે.

૪.૩. Electricity Act,2003, Section 43 says as under:

(43) Duty to Supply on request:

(1) Distribution licensee, shall on an application by the owner or occupier of any premises, give supply of electricity to such premises, within one month after receipt of the application requiring such supply:

Provided that where such supply requires extension of distribution mains, or commissioning of new sub-stations, the distribution licensee shall supply the electricity to such premises immediately after such extension or commissioning or within such period as may be specified by the Appropriate Commission:

Provided further that in case of a village or hamlet or area wherein no provision for supply of electricity exists, the Appropriate Commission may extend the said period as it may consider necessary for electrification of such village or hamlet or area. 1 [Explanation.- For the purposes of this sub-section, "application" means the application complete in all respects in the appropriate form, as required by the distribution licensee, along with documents showing payment of necessary charges and other compliances.]

Gujarat Electricity Regulatory Commission has framed Supply Code Regulation No. 4 of 2015, Clause 4.16 and 4.17:

4.16. Any of the following documents shall be considered as acceptable proof of ownership or occupancy of premises:

(1) Copy of registered sale deed or lease deed or in the case of agricultural connections a copy of 7/12, 8-A and hakk patrak (6-A);

(2) Latest Municipal tax receipt or Demand notice or any other related document;

(3) Letter of allotment;

(4) Ownership Certificate issued by village level Government functionary;

(5) An applicant who is not an owner but an occupier of the premises shall, along with any one of the documents listed at (1) to (3) above, also furnish a No Objection Certificate from owner of the premises except lease holder where long lease is granted for premises. Where the NOC from the owner of the premises is not available due to any reason (s), new connection be allowed on the basis of submission of indemnity bond prescribed by the Distribution Licensee to indemnify the Distribution Licensee against losses on account of disputes that may arise out of effecting service connection to him.

4.17 Any of the following documents shall be considered as acceptable proof of current address for communication:

(1) Electoral identity card;
(2) Passport;
(3) Driving license;
(4) Ration card;
(5) Photo identity card issued by any Government agency;
(6) Statement of running Bank Account;
(7) Most recent Water / Telephone / Electricity / Gas connection Bill;
(8) Income Tax assessment order;
(9) Aadhar Card;

૪.૪. અરજદાર ધ્વારા નવાં વીજ જોડાણ મેળવવા અર્થે રજૂ કરાયેલ દસ્તાવેજો જે સપ્લાય કોડ નોટિફિકેશન નં.૪/૨૦૧૫ અન્વયે ક્લોઝ નં.૪.૧૬ મુજબ વીજ જોડાણ મેળવવા અર્થે પાત્રતા ધરાવતા નથી.

"Application means, the application complete in all respect in the appropriate form as required by the distribution licensee, along with documents showing payment of necessary charges and other compliances."

૪.૫. અરજદાર જમીન સર્વે નં.૧૫-K, સયાજીપુરામાં વીજ જોડાણ મેળવવા માંગે છે જે જમીન અંગેનો વિવાદ ન્યાયિક પ્રક્રિયા હેઠળ જે તે સક્ષમ ઓથોરીટી પાસે પડતર છે. સદર સંજોગોમાં અરજદાર જરૂરી નિયત દસ્તાવેજો રજૂ કરી જે તે જગ્યાની માલિકી હક્ક પૂરવાર કરતા દસ્તાવેજો કલમ ૪.૧૬ તથા કલમ ૪.૧૭ મુજબ રજૂ કરે ત્યાર બાદ જ વીજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ પર લઇ શકાય.

૪.૬. સામાવાળા નાયબ ઇજનેરને આથી સૂચિત કરવામાં આવે છે કે અરજદારને વીજ જોડાણ મેળવવા અર્થે પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી માહિતી પૂરી પાડે તેમજ ગ્રાહકલક્ષી અભિગમ ધ્વારા સંબંધિત નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે.

૪.૭. આથી આ રીતે પેરા નં.૪.૫ તથા ૪.૬ માં નિર્દિષ્ટ કર્યા મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૮. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૯. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ.
તા.૨૬.૦૯.૨૦૧૬.